## ::-ફોજદારી કેસ નં.૪૦૧૬૯/૨૦૦૧-::

### ::-આંક ૧ લગત હુકમ ::

રેકર્ડ વંચાણે લેતાં ફરિયાદી જયશ્રીબેન હસમુખલાલ સુથાર રહેવાસી પરસનબા સોસાયટી ,રણછોડજી મંદિર પાસે, આયુર્વેદીક કોલેજ પાણીગેટ બહાર વડોદરાનાઓએ ઈપીકો કલમ ૪૦૬, ૩૨૩,૫૦૪, ૫૦૬(૨)તથા ૧૧૪ મુજબના ગુનાની ફરિયાદ તારીખ ૨૮/૧૧/૨૦૦૧ ના રોજ દાખલ કરતાં ફરિયાદીનું વેરીફીકેશન નોંધી ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૨૦૪ અન્વયે સમન્સ કાઢવાનો હુકમ કરવામાં આવેલ ત્યારબાદ ફરિયાદીની ગેરહાજરી તથા કાર્યવાહીના અભાવે હાલની ફરિયાદ લાંબા સમયથી પેન્ડીંગ હોય ફરિયાદીને નોટિસ કરતાં ફરિયાદી તરફે વિધ્વાન વકીલશ્રીએ હાજર થઈ પક્ષકારો વચ્ચે ઘરમેળે સમાધાન થયેલ હોય હાલની ફરિયાદ આગળ ચલાવવા માંગતા ન હોય પુરાવા બંધની પુરસીસથી જાહેરાત કરેલ છે. ફરિયાદી હાલની ફરિયાદ આગળ ચલાવવા માંગતા ન હોય ફરિયાદીની પુરસીસ આધારે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

### :: આખરી હુકમ :

ફરીયાદીની ગેરહાજરી તથા કાર્યવાહીના અભાવે કોઇ પુરાવો રજુ કરેલ ન હોય કે આરોપીને બજવણી કરવા કાર્યવાહી કરેલ ન હોય. સી આર પી સી ની કલમ ૨૪૫ (૧) અન્વયે આરોપીને છોડી મુકવાનો હુકમ કરવા માં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૩મી માહે જુલાઈ સને ૨૦૧૯ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તારીખ:૧૩ /૦૭/૨૦૧૯ મોહંમદસલીમ હબીબખાન પઠાણ
સ્થળ : વડોદરા (જીજે.૦૦૮૧૧)
એડી.ચીફ.જયુડી.મેજી.
કોર્ટ .નં ૧૦ વડોદરા